# ગુજરાત રમખાણ માટે મોદી કોઈ રીતે જ જવાબદાર નથી

## પંજાબ પોલીસના પૂર્વ મહાનિર્દેશકનો દાવો : કોમી હિંસાનો અંત લાવવા મોદીએ ગંભીરતાપૂર્વક પ્રયાસ કર્યા હતા : મોદી ઉપર આક્ષેપ આધારવિનાના છે : ગીલ

નવી દિલ્હી,તા. ૧

પંજાબના પૂર્વ પોલીસ મહાનિર્દેશક કેપીએસ ગીલે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો જોરદાર બચાવ કર્યોછે. ગીલે કહ્યુંછે કે ગુજરાતમાં ગોધરા કાંડ બાદ ભડકેલી સાંપ્રદાયિક હિંસા માટે નરેન્દ્ર મોદીને જવાબદાર ઠેરવી શકાય નહીં. કારણ કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવવાની જવાબદારી પોલીસની છે. જે સમયે ગુજરાતમાં સાંપ્રદાયિક હિંસા થઈ હતી ત્યારે વહીવટી તંત્ર ઉપર મોદીની સંપૂર્ણપણે પક્કડ ન હતી. મોદીની મુખ્યમંત્રી બન્યાને એ વખતે થોડોક જ સમય થયો હતો. ગીલે કહ્યું હતું કે ગુજરાત પોલીસની નિષ્ફળતાના કારણે રમખાણો થયા હતા. એ વખતે પડોશી રાજ્યોએ પણ ગુજરાતની મદદ કરી ન હતી. અત્રે ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદીના સુરક્ષા સલાહકાર તરીકે ફણ ગીલ રહી ચૂક્યા છે. વર્ષ ૨૦૦૨માં રમખાણ વેળા ગીલ મોદીના સલાહકાર તરીકે હતા. ગુજરાત રમખાણો સાથે સંકળાયેલા એક પ્રશ્નના જવાબમાં ગીલે કહ્યું હતું કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં કાર્યવાહી કરવાની કામગીરી પોલીસની છે. આને રાજકીય રંગ આપવાની જરૂર નથી. ગીલ પોતાની આત્મકથા કેપીએસ ગીલ ધ પેરામાઉન્ટ કોપના વિમોચન પ્રસંગે વાત કરી રહ્યા હતા.

## મધ્ય પ્રદેશ : ભાજપની ઉમેદવારની યાદી જારી

ભોપાલ,તા. ૧

મધ્ય પ્રદેશમાં ભાજપે તેના ઉમેદવારોની પ્રથમ યાદી જારી કરી લીધી છે. મધ્ય પ્રદેશમાં સતત ત્રીજી વખત સપ્તાહમાં એન્ટ્રી કરવાની તૈયારીમાં વ્યસ્ત ભાજપે ૧૪૭ ઉમેદવારોની યાદી જારી કરી દીધી છે. ઉમેદવારી નોંધાવાની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે. મુખ્યમંત્રી શિવરાજસિંહ ચોહાણે પોતાની જૂની બેઠક બુધનીમાંથી ચૂંટણી લડશે. પક્ષના બે મંત્રીઓની ટિકીટ કાપી લેવામાં આવી છે. જ્યારે ત્રણ સાંસદોને વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ભાજપના અધ્યક્ષ રાજનાથસિંહના નેતૃત્વમાં યોજાયેલી કેન્દ્રીય ચૂંટણી સમીતિની બેઠકમાં આ ઉમેદવારના નામને મંજૂરી આપવામાં આવી હતી. મધ્ય પ્રદેશમાં તમામ ૨૩૦ બેઠક માટે ૨૫મી નવેમ્બરના દિવસે એક તબક્કામાં મતદાન યોજાનાર છે. બેઠક બાદ પક્ષના મહા સચિવ અનંતકુમારે કહ્યું હતું કે પ્રથમ યાદીમાં ૨૪ યુવાનો, ૧૮ મહિલાઓ, ૧૯ અનુસુચિત જાતી અને ૩૦ અનુસુચિત જનજાતીના ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે.

અનંતકુમારે કહ્યું છે કે ત્રણ સાંસદોને પણ ટિકીટ આપવામાં આવી છે જેમાં ભુપેન્દ્રસિંહ, કેડી દેશમુખ અને યશોધરા રાજેનો સમાવેશ થાય છે.



પાલનુપરના મોટા બ્રાહ્મણવાસમાં રહેતી યોગીની જોષીએ પોતાના ઘરે દિપાવલી પર્વ નિમિતે રંગો દ્વારા મા અંબાજીનું રૂદ્ર સ્વરૂપ બનાવતા આ રંગોળી આકર્ષણનું કેન્દ્ર બની હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ભિલોડાના નવાભવનાથ ગામની મહિલાએ કરોસીન છાંટી આપઘાતની કોશીષ કરતાં ચકચાર

ભિલોડા,તા.૧

ભિલોડાના નવાભવનાથ ગામની મહિલાએ પોતાના શરીર ઉપર કરોસીન છાંટી આપઘાતની કોશીષ કરતાં ચકચાર મચી જવા પામી છે.ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ નવાભવનાથ ગામના રહેવાસી મંજુલાબેને તા.૩૧/૧૦/૧૩ ના રોજ રાત્રે ૧૧:૩૦ વાગ્યાના સુમારે પતિપત્ની વચ્ચે અગમ્ય કારણોસર બોલાચાલી થતાં મંજુલાબેનને એકાએક મનમાં લાગી આવતા પોતાના જાતે જીવન ટુંકાવવા પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી જીવનલીલા સંકેલી લેવાનો પ્રયત્ન કરતાં દાઝી ગયા હતા.

મંજુલાબેનને તાત્કાલીક સારવાર અર્થે ભિલોડા કોટેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા પરંતુ વધુ સારવારની જરૂરીયાત હોઈ હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ હોવાનું જાણવા મળેલ છે.ભિલોડા પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

# કાળીચૌદસે પ્રાંતિજના ભૈરવદાદા મંદિરે હવન અને પૂજા યોજાશે

પ્રાંતિજ, તા. ૧

પ્રાંતિજ તાલુકામાં આવેલ સ્મશાનગૃહ નજીક સ્થિત પૌરાણિક ભૈરવનાથ દાદાના મંદિરે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ કાળીચૌદસના દિવસે હવન અને વિશેષ પૂજા રાખવામાં આવી છે.

પ્રાંતિજના દશામાતા મંદિર પાસે વર્ષો જૂનું ભૈરવદાદાનું મંદિર આવેલ છે. જ્યાં ગત વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨ નવેમ્બર ૨૦૧૩ને શનિવારના રોજ રાત્રે ૯ કલાકે વિશેષ પૂજા અને હવન યોજાશે. જેની માટેની ટ્રસ્ટ દ્વારા તમામ પ્રકારની પૂર્વ તૈયારીઓ કરવામાં આવી છે. હવન અને પૂજા વિધિ બાદ પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પરંપરાગત ધાર્મિક પૂજા વિધિ બાદ અંતે ૧૧.૪૫ કલાકે ભૈરવદાદાની મહાઆરતી યોજાશે. ઉપરાંત વિવિધ ધાર્મિક કાર્યક્રમો પણ યોજાશે. તેમ ટ્રસ્ટી મંડળ અને આયોજકોએ જણાવ્યું છે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



## સરસ્વતી તાલુકામાં જીરાના વાવેતર માટે શ્રીગણેશ

સરસ્વતી તાલુકામાં ચોમાસુ સીઝન લેવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. અને ખેડૂતો શિયાળુ વાવેતરની તૈયારીમાં વ્યસ્ત બની ગયા છે. ત્યારે આ વિસ્તારમાં દર સાલની જેમ આ વખતે પણ જીરાના વાવેતર માટે ખેડૂતોએ શ્રીગણેશ કરી દીધા છે. સરસ્વતી તાલુકામાં જીરાનું વાવેતર દર સાલે થાય છે. જીરાના ભાવ અન્ય પાકો કરતા વધારે રહેતા હોવાથી જીરાનું ઉત્પાદન સારૂ થાય તો ખેડૂતોનું નશીબ બદલાય જાય તેવું ખેડૂતોનું માનવું છે. સરસ્વતી તાલુકાના કોઈટા, જગરાલ, ઊંટવાડા, વહાણા, રવિયાણા, દેલવાડા, હેદરપુરા, વહાણી, કાતરા, મેસર ખારોડા, ભાટસણ સહિતના ગામોમાં ખેડૂતોએ જીરાના વાવેતરના શ્રી ગણેશ કરી દીધા છે. જીરાના બિયારણ માટે ખેડૂતો પરંપરાગત જીરાનો ઉપયોગ કરે છે. પરંતુ ખાતર અને દવાનો ખર્ચ વધારે આવે છે. જો ઝાકળ પુષ્કળ પ્રમાણમાં પડે તો દવાનો ખુબજ છંટકાવ કરવો પડે છે. જો કે તેમાં પાણીની જરૂર ખુબ જ ઓછી પડતી હોવાથી અછતગ્રસ્ત વિસ્તારોમાં જીરાનું વાવેતર વધારે અનુકુળ છે.



ડીસા શહેરના પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં છેલ્લા સાત વર્ષથી એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા કાસમખાન ફતુજી વયનિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. આ વિદાય સમારંભમાં ડીસા શહેરના અગ્રણીઓ, સુભાષ સમિતિના કાર્યકરો, વિશ્વ હિન્દુ પરિષદ તેમજ અન્ય સ્વૈચ્છિક સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહી તેમને શુભકામનાઓ પાઠવી હતી. ડીસા શહેરના ભગવતી સાડી શૉ રૂમના માલિક અમૃતભાઈ કચ્છવાએ ફૂલહાર અને મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. મહિલા અગ્રણી રંજનબેન ખત્રી અને મહિલાઓએ ભેટ સોગાદો આપી હતી. ડીસા ડીવાયએસપી, તાલુકા પી.આઈ. તેમજ અન્ય પોલીસ મથકના પી.આઈ. સહિતના કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા અને કાસમખાનને મોમેન્ટો ફુલહાર આપી સન્માનિત કર્યા હતા અને તેમની સેવાને બિરદાવી હતી. જ્યારે ડીસા પ્રેસ ક્લબ વતિ પણ તમામ પત્રકાર ભાઈઓએ ભેટ સોગાત આપી હતી.

### ભિલોડા તાલુકાના ઝુમસર ગામના સીમ વિસ્તારમાં ઘર આગળ

# વન્ય હિંસક પ્રાણીએ એક પાડીનું મારણ કરતાં પશુપાલકોમાં ફફળાટ



ભિલોડા,તા.૧

ભિલોડા તાલુકાના ઝુમસર ગામના સીમ વિસ્તારમાં ઘર આગળ વન્ય હિંસક પ્રાણીએ એક પાડીનું મારણ કરતાં પશુપાલકોમાં ફફળાટ વ્યાપ્યો છે.અરવલ્લીની ગીરીમાળાઓ વચ્ચે આવેલા અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના ઝુમસર,સુનસર,વસાઈ સહિત ગ્રામ્યવિસ્તારોમાં છેલ્લા કેટલાક વર્ષોથી જંગલી હિંસક વન્યપ્રાણીઓ તેમજ દિપડાના અસહ્ય ત્રાસથી પશુપાલકો, ખેડૂતો, પ્રજાજનો, મજુરીયાતવર્ગ સહિત શ્રમજીવીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ઝુમસર ગામના સીમ વિસ્તારમાં ખેતરોમાં ખેતી કરતા ખેડૂતોએ ખેતીની સાથે-સાથે પશુપાલનના ધંધા સાથે સંકળાયેલા ખેડૂત નાથાભાઈ ચૌહાણના ઘર આગળ બાંધેલ એક વર્ષની પાડીનું વન્ય હિંસક પ્રાણીએ ગત રાત્રે એક પાડીને શિકાર બનાવી મારણ કરતાં પશુની બુમરાણનો અવાજ સાંભળતાં ખેડૂતો રાત્રે ભર ઉંઘમાંથી ઉઠી ગયા હતા.વન્યહિંસક પ્રાણીએ એક પાડીનો શિકાર બનાવી અંતરીયાળ ડુંગરાળ જંગલ વિસ્તારમાં ભાગી જતાં ભારે ચકચાર મચી જવા પામી છે.પશુપાલકો,ખેડૂતો સહિત ઝુમસર ગામ સહિત આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારોના પ્રજાજનો ભયભિત બન્યા છે.પાડીની આશરે કિંમત રૂા.૫૦૦૦/- હોવાનું જાણવા મળેલ છે.ઝુમસર ગામમાં વન્યહિંસક પ્રાણીએ એક પાડીનું મારણ કરતાં પશુપાલકોમાં ફફડાટ ફેલાયો હતો ત્યારે ગ્રામજનોએ ભિલોડા વનવિભાગના અધિકારી વી.આર.ચૌહાણ આર.એફ.ઓ., એલ.વી.ખરાડી ફોરેસ્ટર, એ.બી.જોષી વનરક્ષક તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઝુમસર પંથકમાં વન્યહિંસક પ્રાણીના ત્રાસથી ખેડૂતો જીવના જોખમે ભયભીત બની ખેતીકામ કરી રહ્યા છે.અમુક ખેડૂતો ભયના માર્યા ખેતરોમાં ખેતીકામ કરવા તેમજ ઢોર-ઢાંખરને ચરાવવા જતા નથી.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૪૦૦ | ૭૯૪ |
| મકાઈ | ૨૫૦ | ૨૭૦ |
| રાયડો | ૫૦૦ | ૫૯૧ |
| એરંડા | ૬૮૮ | ૭૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૭૬ |
| કપાસ | ૮૦૦ | ૯૫૧ |
| બાજરી | ૨૦૮ | ૨૯૫ |
| ગવાર | ૮૫૦ | ૯૮૯ |
| ડાંગર જયા | ૨૪૦ | ૨૬૧ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૪૫૦ | ૫૫૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૫ |
| બાજરી | ૨૦૫ | ૨૫૦ |
| ડાંગર જયા | ૨૫૦ | ૨૭૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૦૧ | ૬૮૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૦ |
| બાજરી | ૨૧૦ | ૨૫૦ |
| ડાંગર જયા | ૨૪૫ | ૨૭૧ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| તલ | ૧૮૦૦ | ૨૧૮૦ |
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૩૦ | ૩૭૦ |
| કપાસ | ૮૦૦ | ૧૦૦૦ |
| બાજરી | ૨૨૦ | ૨૬૦ |
| ગવાર | ૯૫૦ | ૧૦૦૧ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૩૦ | ૪૦૧ |
| ઘઉં ૪૯૬ | ૩૪૦ | ૩૮૦ |
| મકાઈ | ૨૪૬ | ૨૬૧ |
| અડદ | ૬૩૦ | ૬૮૦ |

### મોડાસા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૦૦ | ૬૧૫ |
| એરંડા | ૬૮૦ | ૬૯૭ |
| બાજરી | ૨૧૦ | ૨૮૫ |
| મકાઈ | ૧૯૫ | ૨૬૭ |
| ઘઉં | ૩૨૦ | ૪૨૪ |
| મગફળી | ૫૫૦ | ૭૧૦ |
| ગવાર | ૭૮૬ | ૧૦૩૩ |
| તલ | ૨૩૦૦ | ૨૪૭૦ |
| કપાસ | ૯૦૦ | ૧૦૧૭ |
| સોયા | ૩૩૦ | ૬૭૩ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| મકાઈ | ૧૯૦ | ૨૩૬ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૨ |
| કપાસ | ૮૫૦ | ૮૬૧ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૦ | ૨૩૪ |
| ઘઉં | ૩૨૪ | ૩૫૨ |
| ડાંગર | ૨૦૦ | ૨૭૬ |
| એરંડા | ૬૮૪ | ૬૮૮ |
| ગવાર | ૯૬૦ | ૯૭૮ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૫ |
| તુવેર | ૫૨૦ | ૬૨૫ |
| જુવાર | ૨૦૦ | ૩૦૦ |
| રાયડો | ૫૩૦ | ૫૯૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૫ | ૨૩૦ |
| ઘઉં | ૩૨૦ | ૩૫૦ |
| ડાંગર | ૧૯૫ | ૨૭૦ |
| એરંડા | ૬૮૦ | ૬૮૫ |
| ગવાર | ૯૪૦ | ૯૭૫ |
| મકાઈ | ૨૨૦ | ૨૮૦ |
| તુવેર | ૫૧૦ | ૬૨૦ |
| જુવાર | ૧૯૦ | ૨૮૦ |
| રાયડો | ૫૨૦ | ૫૮૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૪૬૦ | ૭૬૮ |
| એરંડા | ૬૯૦ | ૭૦૧ |
| ઘઉં | ૩૨૦ | ૪૫૨ |
| બાજરી | ૨૨૦ | ૨૫૦ |
| મકાઈ | ૨૧૦ | ૨૪૦ |
| અડદ | ૩૨૫ | ૫૦૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૦૨૬ |
| કપાસ | ૭૭૦ | ૧૦૧૨ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૫ | ૪૦૮ |
| મકાઈ | ૨૩૦ | ૨૭૫ |
| એરંડા | ૬૮૦ | ૭૦૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૦ |
| મગફળી | ૪૨૫ | ૭૫૦ |
| તલ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| ગવાર | ૯૦૦ | ૯૮૦ |
| સોયબીન | ૬૫૦ | ૬૭૮ |
| અડદ | ૫૦૦ | ૭૦૦ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૪૦૨ |
| ડાંગર | ૨૪૦ | ૬૩૦ |
| બાજરી | ૨૦૮ | ૨૧૧ |
| બંટી | ૩૧૦ | ૩૪૫ |
| તલ | ૨૨૯૦ | ૩૦૧૭ |
| ગવાર | ૭૮૩ | ૧૦૧૯ |
| એરંડા | ૬૮૦ | ૬૮૯ |
| રાયડો | ૬૧૦ | ૬૨૬ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૩૯૧ |
| અસાળીયો | ૫૦૪ | ૭૨૨ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| મગ | ૫૦૦ | ૧૦૬૦ |
| તલ | ૨૨૫૧ | ૨૮૧૬ |
| અડદ | ૨૫૦ | ૮૧૦ |
| રાયડો | ૫૮૦ | ૬૩૬ |
| એરંડા | ૬૮૪ | ૭૦૯ |
| ગવાર | ૬૯૫ | ૧૦૪૨ |
| ઘઉં | ૩૦૦ | ૪૧૬ |
| બાજરી | ૧૭૦ | ૩૦૭ |
| ચોરા | ૬૯૬ | - |

### ઊંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૮૨૫ |
| વરીયાળી | ૮૦૦ | ૨૧૫૦ |
| ઈસબગુલ | ૧૧૦૦ | ૧૪૬૧ |
| સરસવ | ૬૩૫ | - |
| રાયડો | ૬૦૫ | ૬૭૦ |
| તલ | ૨૨૩૦ | ૩૩૧૧ |
| સવા | ૬૧૩ | ૬૫૧ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૪૨૪ |
| બાજરી | ૧૯૦ | ૨૯૦ |
| રાયડો | ૬૦૦ | ૬૨૫ |
| એરંડા | ૬૮૩ | ૬૯૯.૫૦ |
| ચોરા | ૩૫૦ | ૧૨૦૦ |
| કપાસ | ૬૦૦ | ૧૧૧૧ |
| અડદ | ૩૦૦ | ૮૧૧ |
| જુવાર | ૪૦૦ | - |
| તલ | ૧૯૦૦ | ૨૮૧૦ |
| જવ | ૩૦૦ | - |
| મગ | ૫૦૦ | ૧૧૫૧ |
| ગવાર | ૭૦૦ | ૧૧૩૨ |
| રજકાના બી | ૧૨૦૦ | ૨૩૦૦ |
| મકાઈ | ૬૯૧ | - |

### મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૩ | ૪૦૦ |
| જીરૂ | ૨૧૯૦ | - |
| રાયડો | ૫૪૫ | ૬૨૫ |
| મેથી | ૫૦૦ | - |
| તલ | ૨૦૫૧ | ૨૬૮૧ |
| બાજરી | ૨૦૦ | ૩૧૬ |
| એરંડા | ૬૮૧ | ૬૯૨ |
| અજમો | ૭૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૩૦૦ | ૬૨૦ |
| ગવાર | ૭૧૧ | ૧૦૦૯ |
| બંટી | ૩૪૨ | ૩૪૫ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૪ | ૩૪૧ |
| બાજરી | ૨૧૯ | ૨૭૯ |
| રાયડો | ૬૦૮ | ૬૧૪ |
| એરંડા | ૬૮૭ | ૬૯૪ |
| કપાસ | ૮૯૦ | ૧૦૦૦ |
| ગવાર | ૯૬૭ | ૯૮૭ |
| એરંડા | ૬૯૦ | ૬૯૨ |
| રાયડો | ૫૯૨ | ૬૧૩ |
| બાજરી | ૩૧૧ | - |
| કપાસ | ૯૬૬ | ૯૯૦ |
| ગવાર | ૭૬૦ | ૯૮૦ |
| તલ | ૨૦૦૦ | ૨૫૦૬ |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૨૧ |
| એરંડા | ૬૮૦ | ૭૦૦ |
| બાજરી | ૧૮૦ | ૨૬૧ |
| ઘઉં | ૩૦૫ | ૩૮૦ |
| ગવાર | ૮૦૦ | ૯૯૧ |
| અડદ | ૪૫૦ | ૭૨૧ |
| મગ | ૭૦૦ | ૧૧૫૦ |
| મઠ | ૫૦૦ | ૭૯૯ |
| ચણા | ૪૫૦ | ૬૬૫ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૪૫૦ |
| કપાસ | ૮૫૫ | ૯૮૫ |
| તલ | ૨૩૦૦ | ૨૬૫૧ |
| સાસટો | ૨૯૦ | ૩૩૦ |
| સવા | ૫૫૦ | ૭૪૧ |
| બંટી | ૩૦૦ | ૩૩૧ |
| મેથી | ૫૦૦ | ૫૫૬ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૭૬ |
| એરંડા | ૬૯૦ | ૬૯૬ |
| બાજરી | ૧૯૫ | ૨૫૫ |
| રાયડો | ૬૦૬ | ૬૦૮ |
| ડાંગર | ૨૧૦ | ૩૨૦ |
| ગવાર | ૯૫૭ | ૯૬૭ |
| કપાસ | ૮૨૦ | ૯૮૨ |

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| | | |
|---|---|---|
| બટાટા દેશી | ૨૦૦ | ૨૮૦ |
| બટાટા ડીસા | ૨૭૦ | ૩૦૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૨૦૦ | ૭૦૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૫૦૦ | ૧૨૦૦ |
| રીંગણ | ૨૦૦ | ૫૫૦ |
| રવૈયા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૩૦૦ | ૭૦૦ |
| ટામેટા પાકા | ૩૦૦ | ૫૦૦ |
| દૂધી | ૩૦૦ | ૭૦૦ |
| કાકડી | ૧૬૦ | ૪૦૦ |
| ગીલોડા | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચાં દેશી | ૨૦૦ | ૩૬૦ |

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન